# અવધૂત મનન (શ્રી ગુરુલીલામૃત ગદ્યાંતર)

ઈશ્વરાર્પણ બુદ્ધિથી કર્મો કરવાથી પાપ બળી જાય છે અને ક્ષણવારમાં ચિત્તની શુદ્ધિ થાય છે. ચિત્તશુદ્ધિ થયા પછી શાસ્ત્રનાં શ્રવણની રુચિ જાગે છે અને એવી રુચિ જ્ઞાનપ્રાપ્તિમાં ઉપયોગી છે. ચિત્તશુદ્ધિ તો નિષ્કામ કર્મો કરવાથી જ થાય છે. માટે જ્ઞાન પ્રાપ્તિમાં ઉપયોગી થાય એવું પરંપરાથી ચાલી આવતું કર્મ કરવું જોઈએ. ચિત્તશુદ્ધિ થાય એટલે પછી બધું છોડીને સદ્‌ગુરુનાં ચરણનું અનન્યભાવે શરણ લેવું. પ્રેમપૂર્વક ગુરુની રાતદિન સેવા કરીને ભાવપૂર્વક તત્ત્વજ્ઞાનનું શ્રવણ કરવું.

હે અલર્ક ! પ્રાકૃત (સ્વભાવિક) ગુણો દૂર કરીને બ્રહ્મથી જોડાવું એ જ મુક્તિ છે અને એ અસંગથી (નિઃસંગી થવાથી) મળે છે. વૈરાગ્યોદય થતાં સંગ છૂટે છે. જ્ઞાનથી વૈરાગ્ય જન્મે છે અને જ્ઞાન વિવેકથી પ્રગટે છે એ વાત નિશ્ચિતપણે જાણી લે. નિત્ય અને અનિત્ય (સત અને અસત્) વસ્તુના વિચારથી વિવેક પ્રગટે છે. ધીરે ધીરે એ વિવેક સુદૃઢ થતાં મુક્તિ આપનારું જ્ઞાન પ્રગટે છે. શરીર, ઈન્દ્રિયો, પ્રાણ, મન અને અહંકાર ભૌતિક ગુણોની જેમ આદિ અને અંતવાળા છે. એ બધા અસત્ છે અને બર્હિવૃત્ત સ્વભાવનાં છે. એ બધા ભલે ભેગા જણાતા હોય પણ એ જડ અને નાશવંત છે અને એ આત્મા નથી. અગ્નિમાં લોખંડ તપાવતા લોખંડ પણ લાલચોળ, ગરમ અને પ્રકાશમય અગ્નિ જેવું જ જણાય છે તે જ રીતે આત્માના આરોપણથી દેહ વગેરે (દેહ, ઈન્દ્રિય, પ્રાણ, મન, અહંકાર વગેરે) ચેતન હોય તેવા જણાય છે.

અંતરમાં વ્યાપેલો આત્મા ભિન્ન છે અને કેવળ સાક્ષીરૂપ છે. દેહ વગેરેના અધ્યાસથી (મિથ્યા આરોપથી) તેના ગુણોથી યુક્ત જણાય છે. અજ્ઞાની માણસ આ વાત ક્યારે પણ સમજી શકતો નથી અને અહંકાર રાખીને સકામભાવે (સાદર) કર્મ કરે છે અને બંધનમાં પડે છે. યંત્રની જેમ કર્મ વશ થઈને એ દિવસ-રાત કર્મ કર્યા કરે છે. પરિણામે એને સ્વપ્નમાં પણ શાંતિ મળતી નથી અને દુઃખમાં સબડ્યા કરે છે. અજ્ઞાનતાને લીધે તેનામાં અવિવેકનું જોર વધે છે. અવિવેકથી અભિમાન અને અભિમાનથી લુચ્ચાઈનું જોર વધે છે. પરિણામે રાગ વગેરે (રાગ-દ્વેષ) જન્મે છે અને રાગદ્વેષથી પ્રેરાઈને ત્રણ પ્રકારના કર્મો (પુણ્ય કર્મ, પાપ કર્મ, પાપ-પુણ્ય નિશ્ચિત કર્મ) કરીને દુઃખી થાય છે. કર્મથી



જે દેહનો જન્મ છે અને પાછું જન્મ ધરીને કર્મ અને સુખ-દુઃખની પરંપરા એમ અચૂકપણે વારંવાર ચાલ્યા જ કરે છે.

અહંપણુ રાખીને નાદાન થઈને નાહકનાં શું કામ દુઃખી થાઓ છો ? તમારું પરાધીનપણું જાણીને અહંનું અભિમાન ત્યજી દો. જે વ્યક્તિ કર્તાપણાના અભિમાનથી દૂર રહે છે તેને સારું કે નરસુ કર્મ બંધનરૂપ થતું નથી. સોનાની કે લોખંડની સાંકળ બંને સમાન છે અને પ્રાણીને બંધનકારક છે. એમાં જરા પણ શંકા નથી. એ જ રીતે મોક્ષની પ્રાપ્તિમાં પાપ જેમ ઘણાં વિઘ્નો કરે છે તેમ પુણ્ય પણ ખરેખર વિઘ્નરૂપ બને છે. આત્મજ્ઞાન વગર યુગોના અંતે પણ જન્મમરણનું દુઃખ ટળતું નથી. માટે જ ફળની ઈચ્છા ત્યજીને જો માણસ અહીં ઈશ્વર પ્રીત્યર્થ પુણ્ય કર્મ કરે તો જ એનું ચિત્ત શુદ્ધ થાય છે. શરીરનું અભિમાન (દેહાભિમાન) ગળી જતાં માણસનું ક્યારેય પણ મરણ આવતું નથી અને એનો પુનર્જન્મ થતો નથી. દેહાભિમાન ન રહે એ જ જીવમૃત્યુ ગણાય. અહંકારથી ઘેરાયેલા માણસની અજ્ઞાનતાને લીધે લક્ષચોરાસીની આ જન્મમરણ ઘટમાળ ટળતી નથી. આત્મા જે જાતે જ પ્રકાશ સ્વરૂપ છે, કેવળ સાક્ષીરૂપ છે, અજ, અક્ષય અને અવિકારી છે એ જ મારું સાચું રૂપ છે, એવો કાયમ માટેનો તું દૃઢ નિશ્ચય કર. હું નિત્ય છું, સત્ય છું, એક છું, બધા ભૂતો મારામાં વસે છે અને હું બધા ભૂતોમાં વસું, છું, એવો નિશ્ચય કર. હું શુદ્ધ છું, બુદ્ધ છું, અદ્વૈત છું, સચ્ચિદાનંદ સ્વરૂપ છું, એવું જ્ઞાન ધ્યાન દ્વારા દૃઢ કરીને તું સ્વાત્મામાં જ રહે. દરેક રીતે સંગ છોડી દેવો. (કોઈનો પણ સંગ કરવો નહિ.) જો કદાચ આવું ન બની શકે તો હંમેશા સંતનો સંગ કરવો કારણ કે સંતો આપણને તારે છે. દરેક પ્રકારની ઈચ્છાનો ત્યાગ કરવો. જો બની શકે એમ ના હોય તો કેવળ સુખનો ભંડાર એવા મોક્ષની ઈચ્છા કરવી.

પંચ મહાભૂતોનો સમૂહ એવો આ સ્થૂળ દેહ તો જડ છે. એમાં ક્ષણે ક્ષણે ફેરફાર થયા કરે છે અને એ તો કેવળ અનિત્ય (ક્ષણભંગુર) છે. આત્મા પોતે તો નિર્વિકાર છે, વ્યાપક છે અને અખંડ છે. આ મર્યાદિત એવો દેહને એ અળગો રહીને જાણે છે. એ જ મારું સાચુ સ્વરૂપ છે. દેહથી જુદો એવો હું સત્ (સત્ય) અને ચિત્ આત્મા એવો હું એક છું અને ચાલક તેમજ ભાસક છું. (ચાલક એટલે બધાને કાર્ય કરવા પ્રેરનાર અને ભાસક એટલે બધાને પ્રકાશિત કરનાર.) આ મન ક્ષણે ક્ષણે દોડાદોડ કર્યા જ કરે છે. તેથી હું મન નથી. હું તો મનથી તદ્દન જુદો છું, સર્વવ્યાપક (વિભુ) છું અને તેથી હું મન નથી.

ઊંઘમાં ઈન્દ્રિયો જડ તથા બુદ્ધિ વિલીન થઈ જાય છે તે પ્રાણ તથા બુદ્ધિ વિજ્ઞાન પણ નથી. ત્રણ ગુણવાળો જડ એવો અહંકાર પણ નથી. હું તો સાક્ષીરૂપ ચૈતન્ય છું અને બધાથી જુદો છું.

હું તો શુદ્ધ છું, બુદ્ધ છું, શ્રેષ્ઠ (પર) છું, ઈંદ્રિયાતીત (ઈંદ્રિયોથી પર) છું, અજ છું, અમર છું અને અક્ષય છું. મૃત્યુના ધર્મવાળો માનવી હું નથી. આવો દૃઢ નિશ્ચય થાય તો પછી ક્યાંથી દુઃખ આવે ? હું તો કેવળ સુખ સ્વરૂપ છું. જન્મ, મરણ, રોગો એ બધા આ સ્થૂળ શરીરનાં દુઃખો છે. હું તો બધાથી ન્યારો છું એટલે એ બધાં મુજને ક્યારેય સ્પર્શતા નથી. ભૂખ અને તરસથી પણ એ જડ પ્રાણ જ પીડાય છે. એ બધાના દુઃખે હું કદી પણ દુઃખી થતો નથી. એ બધા તો મારા નોકર (ભૃત્ય)ની જેમ મારી સત્તાને લીધે વર્તે છે. ચંચળ મન એ જ રાગ-દ્વેષનું મૂળ કારણ છે. અન્નના વિકારને લીધે એ સુખથી હસે છે અને દુઃખથી રડે છે. જો હું કોઈપણ રીતે એ ન હોઉં તો એ બધું ક્યાંથી નડે ? શું એક જણનું દુઃખ કદી પણ બીજાને દુઃખી કરી શકે ખરૂં ? આકાશ (વ્યોમ), વાયુ, તેજ (અગ્નિ), જળ અને પૃથ્વી એ પાંચ ભૂતો બધાં જ જડ અને ચંચળ છે. એ મારૂ રૂપ નથી. (હું એ નથી.) હું તો સત્, ચિત્, નિશ્ચલ, કેવળ સ્વરૂપ એવો એકમાત્ર આત્મા છું. પંચભૂતો અને એના (ભૌતિક) ગુણોથી હું ન્યારો છું. હું તો નિર્ગુણ છું. ઈન્દ્રિય, પ્રાણ, મન અને બુદ્ધિનો સાક્ષીરૂપ ચેતન આત્મા હું છું. હું એ બધાથી જુદો હોઉં તો એમના દુઃખે શું કામ દુઃખી થાઉં ? દુઃખનું અમંગલકારી મૂળ દેહની અહંતા છે. એના સંગનો ત્યાગ કરવાથી દુઃખનું સ્થાન શોધ્યું પણ જડતું નથી. વિવેકપૂર્ણના સૂક્ષ્મ વિચારથી મેં મારું મૂળ સ્વરૂપ જાણી લીધું છે. હવે હું અનુભવના જોરે કહું છું કે ખરેખર ! જે દુઃખ થયું છે તે તો મનને થયું છે. હું તો હંમેશા સ્વયં રીતે પૂર્ણ છું. મારામાં વધઘટ નથી. મનમાં જે દુઃખ જણાય છે તે મને કેવી રીતે સ્પર્શી શકે ? આ બધું જે જે દેખાય છે તે માયાવી નશ્વર છે, એવું તું જાણ.

હું તો નિત્ય, અદ્વૈત, અખંડ, શુદ્ધ, નિરંજન, પવિત્ર, તેજ-પુંજ અને અદંડ (દંડી ન શકાય તેવો) છું. હું હંમેશા અક્ષય છું, અવિનાશી છું, પરિણામથી પર છું. સર્વસંગથી મુક્ત છું અને સુખદુઃખથી પર છું. ચૌદ લોકનો નાથ એવો હું કેવળ સુખનું ધામ છું. આપ્તકામ (સંતુષ્ટ), નિષ્કામ (કામના રહિત) અને અભિન્ન એવો આત્મારામ છું. હવે મારામાં ભ્રાંતિ રહી નથી અને કોઈપણ પ્રકારનો શોક રહ્યો નથી.



મારા અંતરમાં વિવેકનો ઉદય થયો છે તેથી હવે મને સુખ કે દુઃખની લાગણી થતી નથી. મને કોઈ ભલેને કાંઈ કહી જાય તો પણ હું એને દુઃખ માનતો નથી. હું સાચે જ શુદ્ધ, નિરંજન છું અને અહંતા-મમતા વગરનો છું. હું પ્રકૃતિથી પર છું. હવે હું લાચાર (દુઃખી) નહિ થાઉં. હું (અહંમ્) કહેતાની સાથે જ બંધનકારક સંગ આવી રહે છે અને સંગ જ બધા પ્રકારના શોકનું કારણ છે એમાં કોઈ શંકાને સ્થાન નથી. જીવમાત્ર જેટલા પ્રિય સંબંધો બાંધે છે તેટલા એ હાથે કરીને શોકના ખીલા પોતાના અંતરમાં ઠોકે છે. મમતાથી બંધન વધે છે જે છેવટે દુઃખકારક નીવડે છે. જ્યાં મમતા નથી ત્યાં બંધન પણ નથી અને ત્યાં એકમાત્ર અખંડ સુખ જ છે. ગુરુદેવ દત્ત !

"કુલીનભાઈ, ખૂબ ખૂબ આભાર. બીજા ભક્તોની ખબર નથી પરંતુ મને તો ખૂબ ગમે છે એવું ગદ્યાંતર વાંચન તથા ઉપયોગ."

**સંકલન**

**જસભાઈ એ. પટેલ** (યુ.એસ.એ.)